# 1. વૈષ્ણવજન

## સ્વાધ્યાય

**1. પ્રશ્નની નીચે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરી ખરા(✓)ની નિશાની કરો:**

1) નીચેનામાંથી કઈ બાબત વૈષ્ણવજનને લાગુ પડતી નથી?

(A) બીજાના દુ:ખને સમજી શકે છે.

(B) નિરભિમાની હોય છે.

(C) અભિમાની હોય છે.

(D) કોઈની પણ નિંદા કરતો નથી.

2) “વાચ, કાછ, મન નિર્મળ રાખે” એટલે...

(A) વાણી, ચારિત્ર્ય અને મનને કપટથી દૂર રાખે

(B) વાણી, કાયા અને મનને કપટી બનાવે

(C) વાણી, ચારિત્ર્ય અને મનને સ્થિર રાખે

(D) વાણી, કાયા અને મનને ચંચળ રાખે

**2. એક-એક વાક્યમાં ઉત્તર આપો:**

1) “સકળ તીરથ તેના તનમાં રે” – પંક્તિનો અર્થ જણાવો.

- “સકળ તીરથ તેના તનમાં રે”– પંક્તિનો અર્થ થાય વૈષ્ણવજન પોતે જ તીર્થરૂપ છે.

2) મોહમાયા કોને સ્પર્શી શકતાં નથી?

- મોહમાયા વૈષ્ણવજનને સ્પર્શી શકતાં નથી.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

## 3. નીચેના પ્રશ્નોના બે-ત્રણ લીટીમાં જવાબ આપો:

### 1) કોનાં દર્શન કરવાથી કોની એકોતેર પેઢી તરી જાય છે?

- જે વૈષ્ણવજન મોહમાયાથી પર હોય, જેના અંતરમાં દૃઢ વૈરાગ્ય હોય, જેનામાં લોભ કે છળકપટ ન હોય, જેણે કામક્રોધ પર વિજય પ્રાપ્ત કર્યો હોય, જેનું ચિત્ત હંમેશાં રામનામના સ્મરણમાં જ લીન હોય તેના તનમાં તમામ તીર્થો રહેલાં છે. એવા વૈષ્ણવજનનાં દર્શન કરનારની એકોતેર પેઢી તરી જાય છે.

### 2) "પરસ્ત્રી જેને માત રે" – પંક્તિ સમજાવો.

- વૈષ્ણવજનની આંખો નિર્મળ હોય છે. તે સૌની તરફ સમભાવ અને સમદૃષ્ટિ રાખે છે. તે પરસ્ત્રી તરફ કુદૃષ્ટિ કરતો નથી. સાચો વૈષ્ણવજન પરસ્ત્રીને માતાની દૃષ્ટિએ જુએ છે, પરસ્ત્રીને માતા ગણે છે.

## 4. નીચેના પ્રશ્નનો સાત-આઠ લીટીમાં જવાબ આપો:

### 1) નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં કયાં કયાં લક્ષણો જણાવે છે? તમારા શબ્દોમાં વર્ણવો.

- 'વૈષ્ણવજન' પદમાં નરસિંહ મહેતા વૈષ્ણવજનનાં નીચે પ્રમાણેનાં લક્ષણો દર્શાવે છે:

  સાચો વૈષ્ણવજન હંમેશાં પારકાનાં દુ:ખદર્દને સમજે છે અને તેને દૂર કરે છે. તેના પર ઉપકાર કરે છે, છતાં મનમાં તેનું સહેજે અભિમાન રાખતો નથી.

  દુનિયાની તમામ વ્યક્તિઓને તે વંદન કરે છે અર્થાત્ તે સૌ પ્રત્યે આદરભાવ રાખે છે. તે કોઈની નિંદા કરતો નથી. તેનાં વાણી, ચારિત્ર્ય અને મન પવિત્ર હોય છે.

  સાચા વૈષ્ણવજનની નજરમાં સૌ સમાન છે અને તેમણે ઇચ્છાઓનો ત્યાગ કરેલ હોય છે. તે પરસ્ત્રીને માતા સમાન ગણે છે, ક્યારેય અસત્ય બોલતો નથી અને બીજાના ધનને હાથ પણ અડાડતો નથી.

  તે મોહમાયાથી પર હોય છે. તેના અંતરમાં દૃઢ વૈરાગ્ય હોય છે અને ચિત્ત હંમેશાં રામનામના સ્મરણમાં જ લીન હોય છે.

  તે નિર્લોભી અને નિષ્કપટી હોય છે. તેણે કામક્રોધ પર વિજય મેળવેલ હોય છે.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

5. નીચેની કાવ્યપંક્તિ સમજાવો:

"વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે,
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે"

- સાચો વૈષ્ણવજન કોને કહેવાય? જે પારકાનાં દુ:ખદર્દને સમજે. તેનાથી એ આર્દ્ર થઈ જાય. તેના દુ:ખદર્દ દૂર કરીને જ જંપે. આ એક પ્રકારનો ઉપકાર ગણાય; પરંતુ તેના પર ઉપકાર કર્યાની સભાનતા ન રાખે અને મનમાં તેના પર ઉપકાર કર્યાનું અભિમાન પણ લે નહિ.

Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in